ચોપાઇ- પછી પધાર્યા દેશ પંચાળ રે, જીયાં વસે છે દાસ દયાળ રે ।
સર્વે સંસારનાં સુખ ત્યાગી રે, એક પ્રભુપદ અનુરાગી રે ॥૧॥
પંચ વિષયથી પ્રીત ઉતારી રે, પંચવ્રત પ્રેમે રહ્યા ધારી રે ।
દીધાં દેહ તણાં સુખ નાખી રે, રહ્યાં અંતરે પ્રભુને રાખી રે ॥૨॥
એવા જન જક્તથી ઉદાસી રે, તિયાં આવ્યા આપે અવિનાશી રે ।
જોઇ જનના હૈયાનું હેત રે, આવ્યા પ્રભુજી સખા સમેત રે ॥૩॥
તેને દીધાં છે દર્શન દાન રે, બહુ ભાવે કરી ભગવાન રે ।
અંધ અપંગ બૂઢા ને બાળ રે, અસમર્થ અબળા લાજાળ રે ॥૪॥
તેને દયા કરી હરિ આપ રે, દીધાં દર્શન ટાળિયા તાપ રે ।
પછી જને પૂછ્યા સમાચાર રે, કહ્યા હરિએ કરી વિસ્તાર રે ॥૫॥
જે જે પૂછતા ગયા છે જન રે, તે તે કહેતા ગયા છે જીવન રે ।
પછી પુછી જગનની વાત રે, કહી રાજી થઇ રળીયાત રે ॥૬॥

જેને નોતું અવાણું જગને રે, તે પણ મગન થયા સુણી મને રે ।
કહે ધન્ય ધન્ય મહારાજ રે, એવો જગન થાય કોણે આજ રે ॥૭॥
બીજા ખર્ચે બહુ બહુ ધન રે, પણ ન થાય નિરવિઘન રે ।
કેક જન તણા જીવ જાય રે, એવું સુણ્યું છે જગન માંય રે ॥૮॥
લૂંટે ચોર કે ખરચી ખુંટે રે, થાય ફજેતિ શકોરાં ફૂટે રે ।
તે તો તમે કર્યો નિર્વિઘન રે, જગજીવન પ્રભુ જગન રે ॥૯॥
કહે નાથ એનો શ્યો વિચાર રે, એવા કરીએ જગન અપાર રે ।
કહે તો કરીએ વર્ષો વરષ રે, એકએકથી બીજો સરસ રે ॥૧૦॥
એમ કહી કર્યું પરિયાણ રે, તેડ્યા સંત સમીપે સુજાણ રે ।
મુક્તાનંદ ને મોટેરા ભાઈ રે, બ્રહ્માનંદ નિત્યાનંદ ત્યાંઈ રે ॥૧૧॥
કહે નાથ સુણો સંત મળી રે, કરીએ વિષ્ણુયજ્ઞ એક વળી રે ।
જુઓ ગુર્જરખંડ વિચારી રે, કોણ ઠેકાણે જાયગા સારી રે ॥૧૨॥
બોલ્યા સંત સાંભળજ્યો શ્યામ રે, યજ્ઞ જેવું જેતલપુર ગામ રે ।
તિયાં સુંદર કોટ તળાવ રે, વળી ગામમાં છે ઘણો ભાવ રે ॥૧૩॥
ત્યારે બોલ્યા સુંદર શ્યામ રે, એતો અમને ન ગમ્યું ગામ રે ।
એનો ધણી છે ધર્મનો દ્વેષિ રે, તેતો યજ્ઞ કરવા કેમ દેશે રે ॥૧૪॥
મોર્યે ભેળા થયાતા બ્રાહ્મણ રે, તેને પૂછ્યું હતું અમે પ્રશ્ન રે ।
દ્વિજ ક્ષત્રિ વૈશ્ય શૂદ્ર વળી રે, કહ્યું કેમ પૂજે માતા મળી રે ॥૧૫॥
ચારે વર્ણની એક છે રીત્ય રે, કહે કાંઈ છે એમાં વિગત્ય રે ।
તૈયે બોલ્યા શાસ્ત્રી સુજાણ રે, સાંભળો કહું શ્રુતિપ્રમાણ રે ॥૧૬॥
દ્વિજ ક્ષત્રિ વૈશ્ય જે કહેવાય રે, તેને મદ્ય માંસે ન પૂજાય રે ।
બીજા હોય જે જે શુદ્ર વર્ણ રે, તેનાં વેદથી બારાં આચર્ણ રે ॥૧૭॥
ત્યારે કહ્યું મેં સાંભળી લહીએ રે, બીજા કરે તેને કેવા કહીએ રે ।
ત્યારે શાસ્ત્રી કહે એ મલેચ્છ રે, પાપી ઢેઢ ભંગિયાથી નીચ રે ॥૧૮॥
ત્યારે મેં કહ્યું સર્વે સાંભળજ્યો રે, એવા હો તે એમાં જઈ ભળજ્યો રે ।
તે દિવસના દાજ્યા છે વામી રે, વાત મેલી છે રાજાને ભામી રે ॥૧૯॥
માટે જરૂર કરશે વિઘન રે, તિયાં પુરો નહિ થાય જગન રે ।

ત્યારે સંત કહે જમશે બ્રાહ્મણો રે, કેમ નાખશે નિજભાણે પાણો રે ॥૨૦॥
ત્યારે કહે મહારાજ સારું રે, કરો મનમાને જ્યાં તમારું રે ।
પછી જેતલપુરનું ઠેરાવી રે, કરી સામગ્રી સરવે આવી રે ॥૨૧॥
લીધા ઘી ગોળ ને ઘઉં ઘણા રે, કર્યો ગંજ શાળ દાળતણા રે ।
કોઈ વાતની ન રાખી ખામી રે, ત્યાંતો પધારીયા પોતે સ્વામી રે ॥૨૨॥
આવ્યા સંઘાથે સંઘને લઈ રે, તેડ્યા વણતેડ્યા આવ્યા કઈ રે ।
આવ્યા તેડાવ્યા સરવે સંત રે, આવ્યા સંઘ નાવે તેનો અંત રે ॥૨૩॥
દિયે દર્શન પ્રસન્ન હોઈ રે, લિયે જન સુખ મુખ જોઈ રે ।
પછી બોલિયા જગજીવન રે, દ્રષ્ણ પ્રષ્ણ એ મોટો જગન રે ॥૨૪॥
બીજું યજ્ઞ આ થાય ન થાય રે, તેનું નથી અમારે જો કાંય રે ।
એમ કહી જણાવે જનને રે, દિયે રાત્ય દિવસ દ્રષ્ણને રે ॥૨૫॥
પૂજે જન જીવનને મળી રે, લાવે પૂજા વિધ્યેવિધ્યે વળી રે ।
ચર્ચિ ચંદન હાર પહેરાવે રે, ગુંથી ગજરા તોરા ધરાવે રે ॥૨૬॥
કરે પુષ્પના કંકણ કાજુ રે, બાંધે બેરખા સુંદર બાજુ રે ।
કરે ફુલનો ફેંટો પછેડી રે, વળી જમાડે ઉતારે તેડી રે ॥૨૭॥
દિયે દર્શન એવાના એવા રે, જગજીવન છે જોયા જેવા રે ।
એમ કરે છે લીળા અપાર રે, નિર્ખિ સુખ લીયે નરનાર રે ॥૨૮॥
એવું દેખીને દાજીયા વામી રે, કહ્યું નરેશને શિશ નામી રે ।
કહે સાંભળો શ્રવણે રાજન રે, જે સારૂં કરે છે સ્વામી જગન રે ॥૨૯॥
જે દિનો એ જગન થાય છે રે, તે દિનો રાજતેજ જાય છે રે ।
એને જજ્ઞે મુવો તાત તારો રે, હવે આવ્યો છે તમારો વારો રે ॥૩૦॥
માટે જીવવું હોય રાજન રે, તો ન કરવા દિયો જગન રે ।
સુણી આવી નરેશને આંધી રે, કહે જાઓ લાવો એને બાંધી રે ॥૩૧॥
એમ કર્યું પરિયાણ ત્યાંઈ રે, જાણ્યું અંતરજામિએ આંઈ રે ।
જોયું વિચારી કરશે વિઘન રે, અમે રહેશું તો પિડાશે જન રે ॥૩૨॥
પછી પ્રભુજી ચડિયા ઘોડે રે, લઈ સંઘને ગયા ચરોડે રે ।
પછી કેડે આવી કટકાઈ રે, આવ્યા ભગવા કરવા ભૂંડાઈ રે ॥૩૩॥

તેણે સ્વામી સધાવ્યા સાંભળી રે, ગયા ધુડ ફાકતા તે વળી રે ।
પછી સાંજે આવ્યા પોતે નાથ રે, અસિ કશેલ સખા છે સાથ રે ॥૩૪॥
સંતો તમારી રક્ષાને કાજ રે, સખે ધાર્યાં છે આયુધ આજ રે ।
હવે અમે તો જાશું ડભાણ રે, તમે રહેજ્યો યાં સંત સુજાણ રે ॥૩૫॥
પછી પધારીયા પોતે શ્યામ રે, સખા લઈને ડભાણ ગામ રે ।
તિયાં જઈને હતું જે સિધું રે, તેતો સરવે મગાવી લીધું રે ॥૩૬॥
તેણે જમાડિયા જન બહુ રે, વર્ણ અઢાર તે વળી મઉ રે ।
આપ્યાં જમાડી વળી વસન રે, એમ કીધો છે નાથે જગન રે ॥૩૭॥
આવ્યા ભગવા કહે ભુલ્યા અમે રે, અતિ સમર્થ છો સ્વામી તમે રે ।
અમે અમારું અવળું કીધું રે, અર્થ વિના અપરાધ લીધું રે ॥૩૮॥
ત્યારે મહારાજ કહે નથી કાંઇ રે, જાઓ જમો જેતલપુરમાંઇ રે ।
પછી જમાડી જોગિની ઝુંડું રે, કર્યું વામીએ વામીનું ભૂંડું રે ॥૩૯॥
કરવા હતા જગન હમેશ રે, ન કરવા દીધા તે નરેશ રે ।
તેતો કહ્યું હતું પોતે પહેલું રે, થયું તેમનું તેમજ છેલું રે ॥૪૦॥
એમ જગન થયો એ જાણો રે, મહાશુદી પંચમી પ્રમાણો રે ।
જોઇ રાજી થયા હરિજન રે, દુઃખ પામિયા પાપીયા મન રે ॥૪૧॥

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મ પ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્યનિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે શ્રીહરિચરિત્રે શ્રીહરિ પાંચાળથી જેતલપુર પધારી યજ્ઞ કર્યો એ નામે એકસઠ્યમું પ્રકરણમ્ ॥૬૧॥